સુરતહ્નનગરપાલિકા
*પ્રેસનોટ*

ગુજરાત સરકારશ્રી ના સ્વચ્છતા હી સેવા ના કાર્યક્રમ અંતર્ગત સફાઈ અભ્યાન આગામી દિવસોમાંમાં વધુ સઘન કરવા માટે "૬૦ દિવસ સફાઈ ઝુંબેશ" કાર્યક્રમને સફળ બનાવવા સુરત મહાનગર પાલિકા દ્વારા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજ રોજ *ટેક્સટાઇલ યુનિયન, સેવાભાવી સંસ્થા, અને સ્વયંસેવકો સાથે જન ભાગીદારી* સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સંકલિત સફાઈ ઝુંબેશ દરમ્યાન ઈજનેર વિભાગ દ્વારા પેચવર્ક, ફૂટપાથ રીપેર, કર્બ સ્ટોન કલર, ડ્રેનેજ વિભાગ દ્વારા ડ્રેનેજને લાગત સફાઈ તેમજ સમારકામ, ગાર્ડન વિભાગના કર્મચારીઓએ બીન જરૂરી ઘાસ તથા છોડના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી, આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા આસપાસના વિસ્તારોમાં સર્વે કરી ગંદકી જણાયેલા સ્થળ પર નોટિસ આપીને દંડનીય કાર્યવાહી પણ કરી હતી. દરેક દુકાનોમાં કચરાપેટી રાખવા માટે અનુરોધ કરવામાં આવ્યો. તેમજ કચરાના વર્ગીકરણ માટે સમજ આપી, કચરો નહી નાખવા માટેના સ્ટીકર લાગવવામાં આવ્યા.

તમામ ઝોન ખાતે માન. કમિશનરશ્રી ના મગદર્શન હેઠળ ઝોનલચીફશ્રી, ઝોનલ ઓફિસરશ્રીઓ, તેમજ આરોગ્ય અધિકારીશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ મહાનગરપાલિકાના કર્મચારીઓ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આજ રોજ સેન્ટ્રલ ઝોનમાં *ફોસ્ટા ટેક્સટાઇલ માર્કેટ યુનિયન અને આયુષ્ય સંસ્થા દ્વારા સહરદરવાજા થી માનદરવાજા સુધી ૧૭૮ થી વધારે સ્વયંસેવકો અને સિનિયર સીટીઝન અને કોર્પોરેટરશ્રી, રેશ્માબેન આર. લાપસીવાલા, મનીષાબેન એમ. મહાત્મા, ઉષાબેન આર.પટેલ, ભારતીબેન એસ.વાઘેલા, કિશોરભાઈ બી.માયાણી અને નરેશકુમાર એમ.રાણા (ચેરમે.લો.કમિટી) હાજર રહી* મહા સ્વચ્છતા અભિયાનમાં જોડાય. સાથે મહાનગરપાલિકાના ૧૧૧ કર્મચારી દ્વારા સ્વચ્છતા હી સેવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન ૩૨૬ ઇસમો ને ૩૩૮૦૦ રૂપિયા જેટલો દંડ કરવામાં આવેલ છે.

આજ રોજ વરાછા ઝોન-એમાં સહારા દરવાજા થી સ્મીમેર હોસ્પિટલ અને લંબે હનુમાન રોડ સુધી ૧૧૭ કર્મચારી દ્વારા કામગીરી કરવામાં આવી. આ કામગીરી દરમ્યાન ૫૪૨ ઇસમો પાસે ૫૧૫૦૦ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવેલ છે.

આજ રોજ વરાછા ઝોન-બી માં રામજી મંદિર ટ્રસ્ટનાં સ્વયંસેવકો અને સિનિયર સીટીઝન સાથે સ્વચ્છતા હી સેવા ના કાર્યક્રમ અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ જેમાં ૧૩૨ થી વધારે નાગરિકો અને ૧૪૫ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કામગીરી દરમ્યાન ૫૦૧ ઇસમો ને ૭૧૮૦૦ રૂપિયા જેટલો દંડ કરવામાં આવેલ છે.

રાંદેર ઝોનમાં બોટનિકલ ગાર્ડન થી ભેંસાણ એસ.ટી.પી રોડ.આસપાસના વિસ્તારમાં ૭૮ જેટલા યુવા ટીમ સાથે સ્વચ્છતા હી સેવા ના કાર્યક્રમ અંતર્ગત સફાઈ મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ જેમાં ૧૧૨ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કામગીરી દરમ્યાન ૪૧૨ ઇસમો ને ૮૯૨૦૦ રૂપિયા જેટલો દંડ કરવામાં આવેલ છે.

કતારગામ ઝોનમાં ભોલી ચાર રસ્તા થી શ્રીરામ ચાર રસ્તા અને ધનશ્યામ નગર ચાર રસ્તા થી રોસ્કો સર્કલ, શ્યામ દર્શનના વિસ્તારોમાં ૧૪૩થી વધુ કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ કામગીરી દરમ્યાન ૩૬૮ ઇસમો પાસે ૪૬૮૦૦ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવેલ છે.

ઉધના ઝોન-એ અલથાન પારડી-કાંડે હળપતિવાસ સચિન રોડ અને વિસ્તારમાં કર્મચારી દ્વારા સાફ સફાઈની કામગીરી કરવામાં આવી. આ કામગીરી દરમ્યાન ૩૦૨ ઇસમો પાસે ૫૪૮૦૦ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવેલ છે.

ઉધના ઝોન-બી વડોદ આવાસ સુધી તેની આસપાસનાં વિસ્તારોની સફાઈ ઝુંબેશમાં ૭૮ થી વધુ કર્મચારીઓ આ કામગીરી દરમ્યાન ૧૯૮ ઇસમો ને ૨૧૪૦૦ રૂપિયા જેટલો દંડ કરવામાં આવેલ છે.

અઠવા ઝોનમાં માં ખોડીયાર નગર થી સુમન આશિષ રોડ અને તેની આસપાસનાં વિસ્તારમાં સફાઇ ઝુંબેશ કરવામાં આવી જેમાં ૧૩૫ કર્મચારી દ્વારા કામગીરી કરવામાં આવી. આ કામગીરી દરમ્યાન ૫૮૧ ઇસમો પાસે ૫૯૮૦૦ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવેલ છે.

લીંબાયત ઝોનમાં વાડીવાલા દરગાહ થી બાબા નગર ઉમરવાડા-1 રોડની આસપાસના વિસ્તારોમાં ૧૪૨ થી વધુ કર્મચારીઓ તથા ૮૯ જેટલા યુવા સ્વયંસેવકો સફાઈ કામગીરીમાં જોડાયા હતા. આ કામગીરી દરમ્યાન ૪૫૯ ઇસમો પાસે ૬૫૮૦૦ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવેલ છે.

આ તમામ સ્થળ પર કરવામાં આવેલ સફાઈ ઝુંબેશ દરમ્યાન કુલ ૨૬૮ કિલો પ્લાસ્ટિક તથા ૮૯.૨૫ મેટ્રિક ટન અન્ય કચરો એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ તથા પ્રોસેસિંગ કરવામાં આવેલ હતું. વધુમાં ટેકનિકલ વિભાગ દ્વારા વિવિધ વિસ્તારોમાં ૬૫ મશીન હૉલ, ૭૯ મીટર ફૂટપાથ રિપેરિંગ, તથા ૫૧ સ્થળો ઉપર પેચવર્કની કામગીરી કરવામાં આવેલ છે. આજ રોજ તમામ ઝોન ખાતે સી એન્ડ ડી વેસ્ટ નિકાલની ડ્રાઈવ કરી કુલ ૨૧૮.૧૨ મેટ્રિક પ્રોસેસિંગ માટે મોકલવામાં આવેલ છે. આજરોજ આરોગ્ય વિભાગ દ્વારા સફાઇ ઝુંબેશ અંતર્ગત કુલ ૩૬૮૯ ઇસમો ને ૪,૯૪,૯૦૦ રૂપિયા જેટલી પેનલ્ટી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગર સેવાસદન તરફથી
સાદર સમાચાર યાદી નં.૩૯૭
*તાઃ ૨૯/૧૧/૨૦૨૩*